તાલીમની રૂપરેખાઃ-

| ક્રમ | વિગત | પ્રક્રિયા | ફેસીલીટેટર | સમય |
|---|---|---|---|---|
| ૧ | તાલીમની પૂર્વભૂમિકા | મૌખિક વકતવ્ય | ખીમજી કાંઠેચા | ૧૧:૦૦ થી ૧૧:૧૫ |
| ૨ | સામાજિક ન્યાય એટલે શું? સામાજિક ન્યાયની વ્યાખ્યા. સામાજિક ન્યાયનાં કેવા મુદા હોઇ શકે છે. | ગ્રૃપ ચર્ચા અને ચાર્ટ દ્વારા પ્રઝન્ટેશન (૩ ગ્રૃપમાં પ્રતિનિધિઓની વહેચણી) | સેતુ ટીમ | ૧૧:૧૫ થી ૧૨:૦૦ |
| ૩ | ઉપરનાં મુદાનું પ્રેઝન્ટેશન | પ્રેઝન્ટેશન અને ચર્ચા | સેતુ ટીમ | ૧૨:૦૦ થી ૧૨:૩૦ |
| ૪ | સામાજિક અન્યાય આપણી આસપાસનાં વાતાવરણમાં/ ગ્રામસ્તરે કોને થાય છે? કઇ રીતનાં થાય છે. એ માટે પંચાયતની ભૂમિકા શું હોઇ શકે? | ગ્રૃપ ચર્ચા અને ચાર્ટ દ્વારા પ્રેઝન્ટેશન (૩ ગ્રૃપમાં પ્રતિનિધિઓની વહેચણી) | સેતુ ટીમ | ૧૨:૩૦ થી ૧:૧૫ |
| **ભોજન** | | | | ૧:૧૫ થી ૨:૩૦ |
| ૫ | ઉપરનાં મુદાનું પ્રેઝન્ટેશન | પ્રેઝન્ટેશન અને ચર્ચા | સેતુ ટીમ | ૨:૩૦ થી ૩:૧૫ |
| ૬ | સામાજિક ન્યાય સંદર્ભે કાઉન્ટર પ્રશ્ન દ્વારા સમજ | બોક્ષમાંથી ચીઠી ઉપાડવાની પ્રશ્ન વાંચવાનો અને એ પ્રશ્ન ચર્ચા અને એક મત | સેતુ ટીમ | ૩:૧૫ થી ૪:૧૫ |
| ૭ | સામાજિક ન્યાય પર ડોક્યુમેન્ટરી ફિલ્મ | ફિલ્મ જોવાની અને ચર્ચા | | ૪:૧૫ થી ૪:૪૫ |
| ૮ | સમાપન કે આભારવિધિ | મૌખિક | ખીમજી કાંઠેચા | ૪:૪૫ થી ૫:૦૦ |

## સામાજિક, આર્થિક, રાજકિય ન્યાય કે વિકાસને સમજવા માટેનાં મુદાઓ

(આ એક્સરસાઈઝમાં દરેક પંચાયત અને સામાજિક ન્યાય સમિતિનાં પ્રતિનિધિ એક-એક ચિઠ્ઠી ઉપાળશે અને મોટા અવાજે વાંચશે ત્યારબાદ સહભાગી થયેલ તાલીમાર્થીઓ આ મુદા પર ચર્ચા કરશે અને આ કેવા અન્યાયનો મુદો છે તે સમજવાનો પ્રયત્ન કરશે.)

૧. એક ગામમાં હરિજન અને પટેલ જ્ઞાતિનાં કુટુંબો વશે છે. હરિજનો એ ગામમાં લઘુમતીમાં છે. ગામમાં પીવાનાં પાણીની વ્યવસ્થા માટે માત્ર કુવો છે પણ હરિજનોને આ કુવામાંથી પાણી ભરવા માટે પાબંદી કે મનાઈ છે.આ કેવા ન્યાય કે વિકાસનો મુદો છે ?

૨. ગામમાં આહિર અને કોલી જ્ઞાતીનાં કુટુંબો રહે છે. આહિર જ્ઞાતીની એક મહિલા પર સારિરિક માનસિક ત્રાસ થાય છે જેના પરિણામે એ મહિલા હિંસાનો ભોગ બને છે. આ કેવા ન્યાય કે વિકાસનો મુદો છે ?

૩. ગામમાં એક આર્થિક રીતે નબળાં કુટુંબની પુત્રીને આગળ અભ્યાસ માટે નાણા નથી. તેને કોઈ ને કોઈ પ્રકારે ગામની પંચાયત મદદ કરે છે. આ કેવા ન્યાય કે વિકાસનો મુદો છે ?

૪. ગામમાં નરેગા યોજનાનું કાર્ય ચાલે છે. લોકોનાં જોબકાર્ડ બની રહ્યા છે પણ દલિત જ્ઞાતીનાં એક કુટૂંબમાં પુરૂષનું જોબકાર્ડ પંચાયત બનાવતી નથી. આ કેવા ન્યાય કે વિકાસનો મુદો છે ?

૫. ગામની ચા ની હોટલ પર દલીતો માટેનાં ચા પીવાનાં કપ અલગ રાખવામાં આવે છે.આ કેવા ન્યાય કે વિકાસનો મુદો છે ?

૬. ગામનાં લોકો ગામની વાડીઓમાં દલીત પરિવારનાં લોકોને મજૂરી પર રાખવા માટે તૈયાર નથી. આ કેવા ન્યાય કે વિકાસનો મુદો છે ?

૭. ગામની ચૂંટણી વખતે ગામમાં રહેલ દલિત પરિવારનાં સભ્યને ચુંટણી લડવા કે સમરસ પંચાયતમાં પ્રતિનિધિત્વ અપાવવા માટે ઉચ્ચ જ્ઞાતીનાં લોકો તૈયાર  નથી. આ કેવા ન્યાય કે વિકાસનો મુદો છે ?

૮. ગામમાં પટેલ, આહિર, દરબાર કોલી એમ કોઈ પણ જ્ઞાતી માટે સાર્વજનિક કોમ્યુનિટી હોલ નથી. પટેલ જ્ઞાતી પંચાયતમાં  માત્ર પોતાની જ્ઞાતી માટે કોમ્યુનિટી હોલ બનાવવા માટે પંચાયતને દબાણ કરે છે.આ કેવા ન્યાય કે વિકાસનો મુદો છે ?

૯. એક ગામમાં દરેક ઉચ્ચ વર્ગની જ્ઞાતી માટે પીવાનું પાણી નળ વાટે તેનાં ઘરે આવે છે પણ ગામમાં દલીત જ્ઞાતીનાં વિસ્તારમાં પીવાનું પાણી નળ દ્વારા મળતું નથી પણ તેઓ સ્ટેન્ડ પોસ્ટ પર ભરવા જાય છે.આ કેવા ન્યાય કે વિકાસનો મુદો છે ?

૧૦. ગામમાં દલીત જ્ઞાતીનાં એક કુટુંબમાં પુરૂષ પર હિંસા થાય છે.આ કેવા ન્યાય કે વિકાસનો મુદો છે ?

૧૧. ગામમાં દરબાર અને હરિજન એ બે જ્ઞાતી રહે છે. દરબાર જ્ઞાતીમાં એક વિધવા મહિલાને વિધવા પેન્શન મળતું નથી. આ કેવા ન્યાય કે વિકાસનો મુદો છે ?

૧૨. ગામમાં દલીત જ્ઞાતીનાં બાળકોને શાળામાં મધ્યાહન ભોજન માટે અલગ બેસાડવામાં આવે છે.આ કેવા ન્યાય કે વિકાસનો મુદો છે ?

૧૩. ગામનાં સરકારની ગ્રાન્ટ દ્વારા બનેલાં સ્નાનઘાટનાં ઉપયોગ માટે ઉચ્ચ વર્ગની જ્ઞાતી અને દલીત જ્ઞાતી માટે સમય નક્કી કરવામાં આવ્યો છે.આ કેવા ન્યાય કે વિકાસનો મુદો છે ?

૧૪. ગામમાં પીવાનાં પાણીની તંગી છે અને ઉચ્ચ વર્ગની જ્ઞાતી ગામમાં બગીચો અને ફુંવારા બનાવવા માટે પંચાયત પર દબાણ કરે છે.આ કેવા ન્યાય કે વિકાસનો મુદો છે ?

૧૫. ગામમાં ગણા દલીતો રહેવા માટે જમીન વિહોણા છે. દલીતોને પ્લોટની ફાળવણી થતી નથી. આ કેવા ન્યાય કે વિકાસનો મુદો છે ?

૧૬. ગામમાં સી.સી રોડ માટેની ગ્રાન્ટ મંજૂર થઇ છે. ગામનાં દલીત વાસમાં સી.સી રોડ નથી. પંચાયત આ ગ્રાન્ટની ફાળવણી ઉચ્ચ જ્ઞાતીનાં રહેઠાણ વાળા વિસ્તારમાટે કરે છે.આ કેવા ન્યાય કે વિકાસનો મુદો છે ?

૧૭. ગામમાં એક મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા છે. એ મંદિરનાં કાર્યક્રમોમાં દલીતોનો ફાળો લેવામાં આવતો નથી કે તેમને સામૂહિક ભોજન કાર્યક્રમમાં શમાવેસ કરવામાં આવતો નથી. આ કેવા ન્યાય કે વિકાસનો મુદો છે ?

૧૮. ગામમાં એક જ પટેલ જ્ઞાતીનું કુટુંબ રહે છે. એ પટેલ જ્ઞાતીનાં એક ગરિબ કુટુંબમાં એક વ્યક્તિ બિમાર પડે છે. તેમની પાસે સારવારનાં નાણા નથી. આ કેવા ન્યાય કે વિકાસનો મુદો છે ?

૧૯. દેશની સંસદે ઠરાવ પસાર કર્યો કે પંચાયતથી માંડી સંસદ સુધી દલીતો માટે 33 % અનામત સીટોની જોગવાઇ કરવી. આ કેવા ન્યાય કે વિકાસનો મુદો છે ?

૨૦. સરકારે નરેગા એક્ટમાં એસ.સી, એસ.ટી ની જ્ઞાતીઓની ખેતરની જમીનમાં લેવલીગ કે બંધપાળા કરવા માટે જોગવાઇ રાખી. આ કેવા ન્યાય કે વિકાસનો મુદો છે ?

૨૧. સરકારે એસ.સી એસ.ટી જ્ઞાતીઓનાં બાળકો માટે અભ્યાસ માટે સ્કોલરશીપ કે હોસ્ટેલની જોગવાઇ કરી. આ કેવા ન્યાય કે વિકાસનો મુદો છે ?

૨૨. ગામમાં એક જ ખાનગી વાહન આવે છે. આ વાહનમાં દલીતોને પ્રવાસ કરવો હોય તો તેમને છેલ્લે બેસવું પડે છે.આ કેવા ન્યાય કે વિકાસનો મુદો છે ?

૨૩. શાળામાં વિકલાંગો પણ અભ્યાસ કરે છે પણ શાળાનાં રૂમમાં આસાનીથી પ્રવેશવા માટે વિકલાંગોને ઉપયોગી એવી વ્યવસ્થા નથી. આ કેવા ન્યાય કે વિકાસનો મુદો છે ?

૨૪. ગામમાં મતદારયાદી સુધારણાનું કાર્ય ચાલે છે. દરેક જ્ઞાતીનાં યોગ્ય નામોનો મતદાર યાદીમાં શમાવેશ થાય છે પણ દલીત જ્ઞાતીનાં સ્થાળાંતરિત પરિવારનો આ યાદી માં સમાવેશ થતો નથી અને તેમનાં ચુંટણી કાર્ડ બનતા નથી. આ કેવા ન્યાય કે વિકાસનો મુદો છે ?

૨૫. ચુંટણીમાં મત આપવા માટેની લાઇનમાં દલીતો માટે અલગ લાઇન બનાવવામાં કે રાખવામાં આવે છે.આ કેવા ન્યાય કે વિકાસનો મુદો છે ?

૨૬. ગામમાં એક સિંચાઇ ડેમ છે. આ ડેમની આસપાસ ઉચ્ચ વર્ગનાં ખેડૂતો ઉપરાંત એક દલીત કુટુંબની જમીન પણ આવે છે. આ ડેમમાંથી પાણી ઉપાળવા માટે અન્ય ઉચ્ચ વર્ગનાં કુટુંબો દલીત કુટુંબને ખેતી કરવા માટે પાણી ઉપાળવા માટે મનાઇ કરે છે.આ કેવા ન્યાય કે વિકાસનો મુદો છે ?

૨૭. ગામની પાણી યોજના એક ઉચ્ચ વર્ગની જ્ઞાતી સંભાળે છે. ઉચ્ચ વર્ગની જ્ઞાતી તેની જ્ઞાતીને પાણી કનેકશન લેવા માટે રૂા ૩૦૦/- ચાર્જ કરે છે અને દલીતોને આ કનેકશન લેવું હોય તો રૂા ૫૦૦/- ચાર્જ છે.આ કેવા ન્યાય કે વિકાસનો મુદો છે ?

૨૮. ગામમાં પીવાનાં પાણી માટે સરખી યોજના છે. પાણી સમિતિએ દરેક વાસ કે જ્ઞાતી માટે પાણી વિતરણનો સમય સુનિસચિત કર્યો છે. દલીતોને પાણી છેલ્લે આપવામાં આવે છે.આ કેવા ન્યાય કે વિકાસનો મુદો છે ?

૨૯. ગામમાં ઉચ્ચ વર્ગની જ્ઞાતીનાં કુટુંબમાં લગ્ન પ્રસંગ છે, જેમા દલીતોને પણ આમંત્રણ આપવામાં આવે છે પણ તેઓની જમવાની વ્યવસ્થા અલગ રીતે રાખવામાં આવી છે.આ કેવા ન્યાય કે વિકાસનો મુદો છે ?

૩૦. દલીત જ્ઞાતીની એક મહિલા સક્રિય છે પણ તેમની જ જ્ઞાતીનાં એક પુરૂષ આગેવાન સમરસ પંચાયતની રચના વખતે સક્રિય ના હોય તેવી વ્યક્તિતનું નામ સુચવે છે.આ કેવા ન્યાય કે વિકાસનો મુદો છે ?